**ક્રમાંક : ૮**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**પ્રથમ સત્ર**
**બુધવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩ અને ૪ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૫ થી ૨૮૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન પૂરક પ્રશ્નના જવાબમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પેટ્રોલ અને ડિઝલના ટેક્સ ઉપર એક કલાક ચર્ચા કરવા માટે સરકાર તૈયાર છે, આપ દરખાસ્ત આપો તેમ જણાવતાં, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ આ મુદ્દા પર ઝીરો અવર્સમાં ચર્ચા કરવા સમય ફાળવવાનો સતત આગ્રહ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ બન્ને પક્ષના દંડકશ્રીઓએ ભેગા મળીને આ મુદ્દા અંગે તેઓશ્રીને રજૂઆત કરવા જણાવ્યું. આમ છતાં, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ આ મુદ્દાની પહેલાં ચર્ચા થવી જોઇએ એવો સતત આગ્રહ રાખ્યો. આથી, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવા માટે આદેશ કરતા વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓ પોતાના સ્થાન પર ઉભા થઇ ગયા.

**૩. અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને પ્રશ્નોત્તરીના સમય બાદ દિલ્હી જવાનું હોવાથી આજના એજન્ડામાં બતાવેલ પૂરક માગણીઓ રજૂ કરવા અંગેની પરવાનગી ઉર્જામંત્રીશ્રીને આપવામાં આવે છે તે અંગેની જાહેરાત કરી.

ત્યાર બાદ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓએ પોતપોતાના સ્થાન ઉપર ઉભા થઇ સતત સુત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું.

**૪. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

શરૂઆતમાં માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલે સન ૨૦૧૭–૧૮ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની માનનીય રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલે, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૪૩, સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૫, વીજળી શકિત પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૧૩, નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૨૨ તથા તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરી.

વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા કાપદરખાસ્ત રજૂ કરવામાં આવી નહીં.

**૫. સુત્રોચ્ચાર, શોરબકોર અને સભ્યશ્રીઓનું સસ્પેન્શન**

ઝીરો અવર્સમાં પેટ્રોલ અને ડિઝલના ટેક્સ ઉપર ચર્ચા કરવાનો વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સતત આગ્રહ રાખ્યો, જેનો માનનીય અધ્યક્ષશ્રી દ્વારા અસ્વીકાર કરવામાં આવતાં, વિરોધપક્ષના કેટલાક માનનીય સભ્યશ્રીઓ સતત સુત્રોચ્ચાર કરતા કરતા વેલમાં ધસી આવી શોરબકોર કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ સૌ સભ્યશ્રીઓને પોતપોતાનું સ્થાન લેવા વારંવાર વિનંતી કરવા છતાં સભ્યશ્રીઓએ તેમનું સ્થાન ન લેતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં ધસી આવેલા સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી નિયમ–૫૧ હેઠળ દૂર કરવાનો આદેશ કર્યો.

વેલમાં ધસી આવેલા સભ્યશ્રીઓને સલામતી દળના સભ્યો દ્વારા સભાગૃહની બહાર લઇ જવાતા હતા તે દરમ્યાન સભ્યશ્રી ડો. આશાબેન પટેલે કેટલાક અશોભનીય ઉચ્ચારણો કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને નેઇમ કર્યા ત્યાર બાદ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સભ્યશ્રી ડો. આશાબેન પટેલને બે દિવસ સુધી સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, સભાગૃહે તેનો સ્વીકાર કર્યો અને સભ્યશ્રી ડો. આશાબેન પટેલને બે દિવસ સુધી સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

**૬. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)**

ત્યાર બાદ પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી રાકેશભાઇ શાહ
(૨) શ્રી અરૂણસિંહ રણા
(૩) શ્રી કનુભાઇ દેસાઇ
(૪) શ્રીમતી મનીષા વકીલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૪૩, ૫, ૧૩, ૨૨ અને ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. વિરામનો સમય રદ કરવા બાબત**

મુખ્ય દંડકશ્રીએ વિરામનો સમય રદ કરી કામકાજની યાદી પ્રમાણેનું કામકાજ પૂરું કરવાનો પ્રસ્તાવ રજૂ કરતાં ગૃહે તેનો સ્વીકાર કર્યો.

**૮. બિન–સરકારી કામકાજ**

**(૧) દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી ગોવિંદભાઇ પટેલે, સન ૨૦૧૮નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

(૨) સભ્યશ્રી ભરતભાઇ પટેલે, સન ૨૦૧૮નું ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

**(૨) બિન–સરકારી સંકલ્પો**

(૧) સભ્ય શ્રી હિતુ કનોડીયાએ, '' રાજય સરકારે ' સૌનો સાથ સૌનો વિકાસ ' એ મંત્રને ચરિતાર્થ કરવા યુવાનોના કૌશલ્ય નિર્માણ તેમજ વંચિતોના વિકાસ માટે વિવિધ યોજનાઓ અંતર્ગત વ્યાપક પગલાં લેવા અને તેના નક્કર અમલીકરણ માટે સરકારને અનુરોધ કરવા અંગેનો'' સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ સંકલ્પ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી પુર્ણેશ મોદી
(૨) શ્રી રમણભાઇ પટેલ
(૩) શ્રી પિયુષભાઇ દેસાઇ

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પનો સ્વીકાર કરવામાં આવ્યો.

(૨) બિન સરકારી સંકલ્પ–૨ના પ્રભારી સભ્યશ્રી શીવાભાઇ ભુરીયા સભાગૃહમાં હાજર ન હોવાથી ચર્ચા માટે હાથ ધરી શકાયો નહીં.

(૩) બિન સરકારી સંકલ્પ–૩ના પ્રભારી સભ્યશ્રી પ્રતાપ દૂધાત સભાગૃહમાંથી સસ્પેન્ડ થયેલ હોવાથી ચર્ચા માટે હાથ ધરી શકાયો નહીં.

**સભાગૃહ, ગુરૂવાર તા. ૧લી માર્ચ, ૨૦૧૮ ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૩–૦૨ કલાકે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,** **ડી.એમ.પટેલ**
**ગાંધીનગર.** **સચિવ,**
**તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮** **ગુજરાત વિધાનસભા.**

UNEDITED VERSION - NOT FOR PUBLICATION